ज्ञानवर्धक ग्रंथमाळा ग्रंथांक १.

# મૂલ્યવાન્ રત્નો.

प्रसिद्ध कर्ता.

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

તંત્રી ચંદ્રપ્રકાશ, સુરત.

---

“સત્યવિજય” પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાકરચંદ
હરિલાલે છાપ્યું.—અમદાવાદ.

---

કિંમત ૦—૪—૬

# ઉદ્દેશ.

આધિ, વ્યાધિ, અને ઉપાધિથી દગ્ધ થયેલા ગુર્જર [illegible] કાંઈ ઉભેલા માનતા મનુષ્યોને સાંત્વનાર્થે આ સદ્વિચારરૂપી મૂલ્યવાન ર[illegible]નામનું પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે.

આ પુસ્તક છપાવી તેમાંથી દ્રવ્ય ઉપાર્જન કરવાનો ઉદ્દેશ ન હોવાથી તેનું મૂલ્ય માત્ર ખર્ચ જેટલું જ રાખવામાં આવ્યું છે. જથાબંધ લઈ વાંચવા ઇચ્છનારને આથી પણ ઓછે મૂલ્યે આપવામાં આવે છે.

સુરત તા. ૧-૧૦-૧૯૧૦ શનિવાર. } પ્રસિદ્ધકર્તા.

॥ ॐ શ્રીં ॥

# મૂલ્યવાન્ રત્નો.

સર્વદા શુભને જોનારની દ્રષ્ટિમાં સર્વત્ર શુભજ વ્યાપી રહેલું જણાય છે. ક્લેશ, ભય, દુઃખ આદિ તેની દ્રષ્ટિસમીપ આવી શકતાં ત્રાસે છે. અર્થાત્ બીહીએ છે.

* * * * *

આસ્માની રંગનાં ચશ્માં પહેરી જગત્‌ને જોવાથી તે આસ્માની રંગનું અને લાલ રંગનાં પહેરી જોવાથી તે લાલરંગનું જણાય છે. વસ્તુતઃ જગત એક જ છે તેમ છતાં જોનારના દ્રષ્ટિભેદને લીધે ભિન્ન ભિન્ન પ્રકારે તે દ્રષ્ટિગોચર થાય છે. આ નિયમને અનુસરી જ્ઞાની મનુષ્ય જગત્‌ને સુખના ભંડારરૂપ ગણે છે. અને અજ્ઞાની દુઃખની ઉંડી ખાઇ સમાન ગણે છે.

* * * * *

**ત**મારી પરિક્ષા તમે જાતે જ કરો. તમે પરમાર્થ તેમજ વ્યવહારના કામમાં આખા દિવસમાં જે પરિશ્રમ કર્યો હોય તેનું રાત્રીએ સ્મરણ કરી વિચાર કરો કે આજના દિવસે મેં શું સાધ્યું? અને હું કેટલો આગળ વધ્યો ? આ પ્રમાણે પ્રતિદિન વિચાર કરી તમારાથી તમને આગળ વધેલા ન જણાઓ તો આગળ વધવા પ્રયત્ન કરો. તેથી તમારી સત્ય ઉન્નતિ થશે.

* * * * *

**જ્યાં** દુઃખની વાતો ચાલતી હોય ત્યાં લેશ પણ ઉભા રહો નહિ. લૌકિક ભયને અનુસરી કદાચ તે તમારો આપ્ત સંબંધી હોય તો તમે તેની વાર્તા લક્ષપૂર્વક તમારા આંતરમનમાં ઠસાવો નહિ. અને સુખની વાત કરવા મંડી જાઓ. આથી તમે જેટલું તમારૂં તેમજ તમારા આપ્તસંબંધીનું કલ્યાણ કરી શકશો તથા હિત સાધી શકશો તેટલું કલ્યાણ અથવા હિત તેની દુઃખની વાર્તા સાંભળી-

ને કરી શકવાના નથી.

* * * * *

સમુદ્રમાં જળ અનંત છે. ( તેમાં જળનો પાર નથી. ) પણ તમારાથી જેટલું લેવાય તેટલું તમારૂં છે. તેજ પ્રમાણે પરમાત્મામાં વૈભવ ધન વગેરે પદાર્થો અખૂટ છે. તમારાથી જેટલા લેવાય તેટલા પ્રયત્ન કરી તેમના સ્વરૂપથી અભિન્નપણાને પામી ગ્રહણ કરો.

* * * * *

કાર્યસિદ્ધિની સર્વોત્તમ અને કદી પણ નિષ્ફળ ન જાય એવી કુંચી આ છે. પ્રથમ તમારે જે શુભ કાર્ય સિદ્ધ કરવું હોય તેનો નિર્ણય કરો. પછીથી તે કાર્ય તમારાથી સિદ્ધ થઇ શકે એવું છે કે નહિ તે વિચારી તમારા આંતરમનને જણાવો. ખાતાંપીતાં, બેસતાં ઉઠતા, તમારા મનમાં રહેલા કાર્યસિદ્ધિના વિચારને પુનઃ પુનઃ આંતરમનમાં દ્રઢ પણે સ્થાપો. આમ થોડા દિવસ આગ્રહયુક્ત પ્રયત્ન કરતાં તમને તમારા કાર્યસિદ્ધિઅ-

ર્થે શું કરવું તે આપોઆપ જણાશે અને તમારા કાર્યસિદ્ધિના માર્ગ ખુલ્લા થઈ જશે.

* * * * *

પાણીની ટાંકી આપણે જેટલો વખત ચકલી ફેરવીએ છીએ તેટલો વખત આપણને પાણી આપ્યા કરે છે. તેમ પરમાત્મામાં આપણે જેટલો વખત એકાકાર થવા પ્રયત્ન કરીએ છીએ તેટલો વખત આપણા વ્યવહાર અને પરમાર્થની સિદ્ધિ કરાવનાર સાધનરૂપ થઇ પડે છે.

* * * * *

સુખ દૂર નથી પણ પાસેજ છે. તમારા અધિકારભેદથી તમને કદાચ તેનું દર્શન ન થતું હોય તો તે દૂર કરો ઉંચ્ચ અધિકારવાળા થાઓ કે સુખના દર્શન તમને તત્કાળ થશે.

* * * * *

પરમાત્મા સંપૂર્ણ ન્યાયી છે. તેમને ત્યાં આ પોતાનો અને આ પારકો એવો ભેદ નથી. જીવને

સુખ દુઃખ પડે છે તેમાં કેટલાક મનુષ્યો પરમાત્માના માથે દોષના પોટલા આરોપે છે. પણ આ તેમની અત્યંત ભૂલ છે. પરમાત્મા ન્યાયી હોવાથી અને તેમને ત્યાં પોપાંબાઇનું રાજ્ય ન હોવાથી તેઓ તો નિર્લેપ રહે છે. અને જીવને પોતાના કર્મઅનુસાર સુખ દુઃખ મળયા જાય છે.

* * * * *

**સદ્વિચાર** એ સુખનું મૂળ છે. જન્મ મરણની સ્થિતિનો પણ વિચારઉપર આધાર રહેલોછે, તેમજ આપણા પૂર્વના ઋષિ મુનીઓ તથા હાલના માનસશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે આપણો વિચારજ આપણને સુખ દુઃખ આપેછે. **मनएवं मनुष्याणां कारणं बंध मोक्षयो.** આથી સુખની ઇચ્છાવાળા પ્રત્યેક મનુષ્યોએ પોતાના વિચાર સર્વદા ઉચ્ચ કરવા જોઇએ.

* * * * *

**તળેટીમાં** વસતા મનુષ્યાથી શિખરઉપરની

સ્થિતિનું અનુમાન પણ થઇ શકતું નથી. શિખર-ઉપર કેવો આનંદ થતો હશે. તેમજ શિખરઉપર-ના જીવનમાં કેટલું સુખ રહેલું હશે તેનું સહજ પણ દિગ્દર્શન થતું નથી. તેઓતો જેમ કૂવા-માં રહેલો દેડકો જેમ કૂવામાંજ આનંદ માન્યા ક-રે છે, તેમ તળેટીના જીવનમાંજ આનંદ માન્યા કરેછે. પણ આ માનવું ભૂલ ભરેલું છે. કેમકે કૂ-વા કરતાં સમુદ્રમાં અગાધ અને અપાર જળ રહે-લું છે તેમ તળેટીના જીવન કરતાં શિખરઉપર-ની સ્થિતિના જીવનમાં અત્યંત સુખ સમાયલું છે. તેની ઝાંખી વિષયાતીતપદમાં જવાથી થાય છે.

* * * * *

**ધીમે** ધીમે ચાલનાર એક મનુષ્ય પાંચ માઇ-લ, એકદમ ચાલી થાકી જનાર મનુષ્ય કરતાં આ-ગળ વધી જાય છે. તેમ ઉન્નતિના માર્ગમાં ધીમે ધીમે ગતિ કરનાર એકદમ ઉન્નતિ કરીનાંખવાના સ્વભાવવાળા મનુષ્ય કરતાં આગળ વધી જાય છે.

એવો સ્વાભાવિક નિયમજ છે કે જો એક ત્રણુસો પગથીયાના દાદરઉપર આપણે ચઢવું હોય તો પ્રથમ એક પછી બીજું એમ અનુક્રમે પગથીયાં ચઢવાં જોઇએ. તેમ ન કરતાં ઉતાવળ કરી એક-દમ દશ બાર પગથીયાંસાથે ચઢી જવાની ઈચ્છા રાખવાથી આપણાથી ચઢી શકાતું નથી. અને આપણે પડી જઇએ છીએ. તેજ પ્રમાણે ઉન્નતિ-ના માર્ગમાં એકદમ આગળ વધી જવાની આશા રાખવી અને તેને તરતજ સફળ થવાની વાટ જો-વી એ અયોગ્યતા છે.

*　*　*　*　*

હમેશા સાત્વિક અન્નના સેવનથી આપણા શ-રીરના આરોગ્યમાં વૃદ્ધિ થાય છે. અને મનોબળ વધે છે. મનોબળ વધતાં સુખ પણ મળે છે. તેથી તીખા તમતમા મરીમસાલાવાળા આહારના પદા-ર્થો કરતાં સાત્વિકપદાર્થો સેવ્ય છે. આપણે સમજ-વું જોઇએ કે આહાર એ આપણી રસનેંદ્રિયને

મરીમસાલાવાળા પદાર્થ ખાઇ બહેકાવી મૂકવા ખાવાનો નથી પણ આપણા શરીરની પુષ્ટિને માટે તથા આપણા જીવનને ટકાવા માટે ખાવાનો છે.

*　*　*　*　*

અમુક વાત કહેવાથી કાંઇ લાભ થવાનો નથી. એવું હોય તો તે વાતને બીજા કોઇની આગળ જ- ણાવી તમારી જીભને અને બીજા મનુષ્યના મગજને નકામી તસ્દી આપશો નહિ. જે વાત અગત્યની હો- ય તેજ બીજા આગળ જણાવો.

*　*　*　*　*

વિપત્તિ આવનાર હોય અથવા આવેલી હોય તે સમયમાં ઘણા મનુષ્યો નકામી હાયવરાળ કરી મૂકેછે. અને હવે શું થશે એવો વિચાર કરી તદ- ન દીલગીર બની જાય છે. પણ આ પ્રમાણેનું વ- ર્ત્તન તદન અયોગ્ય છે. તેનાથી આવેલી વિપત્તિ નો નાશ ન થતાં અગર આવનાર વિપત્તિ ન અટકતાં ઉલટો પોતાના બળનો નાશ થાય છે. આથી વિ.

પતિ વેળાએ એવો તાલાવેલીઓ સ્વભાવ રાખ-વાની જરાપણ અગત્ય નથી, પણ આવેલી અથ-વા આવનાર વિપત્તિનો નાશ કરવા ધૈર્ય" રાખી સત્પ્રયત્ન કર્તવ્ય છે.

* * * * *

દેહાધ્યાસને લીધે જીવ ને શિવત્વમાં જુદાઈ માલુમ પડે છે. અને મનુષ્ય એક સામાન્ય જીવભા-વનાને સ્વીકારે છે. પણ આ સ્વીકારવું—વાસ્તવિક-રીતે ખરૂં નથી. કેમકે જીવ અને શિવ એકજ છે. **तत्वमसि अहंब्रह्मास्मी** ઇત્યાદિ વેદવાક્યો આ વાતના પ્રમાણરૂપ છે.

* * * * *

અનિર્વેદવાદમાંજ સુખ સમાયલું છે. નિ-ર્વેદવાદ દુઃખના ભંડારોથી ભરેલો છે. આથી આ-થી તમે તમારામાં ઝગ ઝગતો અનિર્વેદવાદ પ્રકટાવો.

* * * * *

તમારા માથાઉપર દુઃખનું વાદળું ઝઝુમી

રહેલું જણાય અથવા તમે તમને પોતાને નિષ્ફળતા-
ના કાંઠાઉપર ઉભેલા જુઓ. ત્યારે તમે તમારા કામને થોડા વખત બંધ રાખો, અને શાંતિના વિચાર કરો. થોડા સમય આ પ્રમાણે કરવાથી નિષ્ફળતામાંથી સફળતા કેવી રીતે મેળવી શકાય તેનું તમને જ્ઞાન થશે.

* * * * *

કેટલાંક બી જમીનમાં નાંખવાથી ત્રણ દિવસમાં ઉગે છે. કેટલાંક આઠ દિવસે ઉગે છે. અને કેટલાંક મહિને બે મહિને પણ ઉગે છે. તેમ આંતરમનમાં નાંખેલા કેટલાક વિચારો તત્કાળ ફળને આપે છે. અને કેટલાક થોડા સમય પછી ફળને આપે છે. આથી આંતર મનમાં નાંખેલા વિચારોની સિદ્ધિ કોઈ કામમાં કદાચ તાત્કાળિક ન જણાય તો તેથી વિકળતા સેવવાનું પ્રયોજન નથી.

* * * * *

કોઈ મગજના કામથી તમે અત્યંત થાકી ગયા

હો અને તમને તમે કરવા ધારેલા કામમાં આગળ શું કરવું તે સમજાતું ન હોય તો તરતજ તે કામમાંથી તમારા મનને બીજા કામમાં નાંખી દો. અથવા તો તમે ગામ બહાર નદીતટ ઉપર ફરવા ચાલ્યા જાઓ. ત્યાં દોડો. કુદો અને બીજી કસરતો કરી દિર્ઘ શ્વાસ કરો. પછી તમારા કામનો આરંભ કરવાથી તમને તેમાં થાક નહિ જણાય.

* * * * *

પડેલી કુટેવોને ટાળવાને મનમાં દૃઢ નિશ્ચય કરોકે મારે અમુક વ્યસન તો હવે નથીજ કરવું. આ નિશ્ચયને આગ્રહયુક્ત પ્રયત્નથી વળગ્યા રહો કદાચ તમને આમ કરવાથી તમારા શરિરમાં બેચેની અથવા સુસ્તી જણાશે. તથાપિ તેને જરાપણ ન ગણકારતાં તમારા નિશ્ચય નું પાલન કરો વ્યસન કરવાની તલપ થઈ આવે ત્યારે ઠંડા જળથી સ્નાન કરી નાખો, અથવા ઘરની બહાર ચાલ્યા જાઓ. ખુલ્લી હવામાં કસરત કરવા મંડીજાઓ.

તાત્પર્ય કે તમારા મનને કોઇ બીજા કામમાં પ્રેમ-પૂર્વક જોડીદો. અને દિર્ઘશ્વાસ કરો. પ્રત્યકે શ્વાસ-લેતી વખત અને મૂકતી વખત **શાંતિ**ની ભાવના કરો. આઠ દશ વખત આ શ્વાસ લેવા મૂકવાની ક્રિયા કરો. આ પ્રમાણે કરવાથી ગમે તેવું જુનું વ્યસન હશે તો તે પણ છુટી જશે.

*  *  *  *  *

જે કામ તમને અગત્યનું જણાય તેની અગત્યતા વિષે પ્રથમ આંતર મન સાથે વિચાર કરી નિર્ણય કરો. અને પછી તેજ કામ કરો. મુખ્ય મુખ્ય અગત્યના કામ પ્રથમ અને થોડી થોડી અગત્યનાં પછી કરો. દાખલા તરીકે ઇશ્વરની ભક્તિ કરવાનું કામ મુખ્ય અગત્યનું છે. અને સબંધી જન સાથે વાતો કરવાનું યા નોકરીપર જવાનું કામ ગૌણ અગત્યનું છે. તો પ્રથમ ઇશ્વરભક્તિનું કામ કરો. આમ થવાથી તમે ઘણા આગળ વધી શકશો.

*  *  *  *  *

**આ** જગતમાં યોગ્યતાપ્રમાણે સર્વ જીવને ફળ મળે છે. સાત રૂપીયાના પગારથી કામ કરનાર પણ માણસ છે. અને બસેં રૂપીયાના પગારથી કામ કરનાર પણ માણુસ છે. તથાપિ આમ એકને સાત અને એકને બશેં રૂપૈયા મળવાનું કારણ તેમની યોગ્યતા છે. આથી કાંઇ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તો પ્રથમ યોગ્યતાને મેળવો. તમારામાં યોગ્યતા આવતાં તમે પ્રાપ્ત કરવા ધારેલી વસ્તુ તમને તરતજ મળશે.

* * * * *

'**વાવે** તેવું લણે' આ નાની કહેવતમાં ગંભીર અર્થ સૂચવ્યો છે. ખેતરમાં ખેતી કરનાર એક ખેડુત જો પોતાના ખેતરમાં બાજરી વાવે છે તો બાજરી અને જુવાર વાવે છે તો જુવાર લણે છે. બાજરી વાવવાથી કાંઇ જુવારનો પાક થઇ જતો નથી. અને જુવાર વાવવાથી બાજરીનો પાક ઉતરતો નથી. આ નિયમ એ સૂચવે છે કે

જીવ સારાં કર્મ કરે છે તો તેનું ફળ સારૂં, અને નઠારા કર્મ કરે છે તો તેનું ફળ નઠારૂં મળે છે.

* * * * *

**બાવળ** વાવી આંબાની આશા રાખવી વ્યર્થ છે. તેમ નઠારાં કર્મ કરી શુભની આશા રાખવી વ્યર્થ છે.

* * * * *

**મનુષ્ય** પ્રયત્નથી જેવો ધારે છે, તેવો થઇ શકે છે. એ માનસશાસ્ત્રનો મ્હોટામાં મ્હોટો સત્ય નિયમ છે. આ દેશના તથા પરદેશના સર્વ બુદ્ધિમાન વિદ્વાનો તેનો સ્વીકાર કરે છે. ત્યારે પ્રિયભાઇ ? તમારે કેવા થવું છે. અને તમને શું ગમે છે ? તળેટીના જીવનમાં છાણના કીડાની માફક સડવું કે ગગન-વિહારી થઇ સિદ્ધેશ્વરતનુસમાન દિપવું ?

* * * * *

**ઘણાં** મનુષ્યો જ્યારે કોઇ ઇશ્વરભક્તિ સંબંધી વાત કરવા બેસે છે અને તમે શું કરો છો એમ

પૂછે છે. ત્યારે તેઓ મોઢું કટાણું કરી પ્રશ્ન પૂછનાર મનુષ્યને જવાબ આપે છે કે "શું કરીએ ભાઇ! અમને ઘડીની નવરાશ પણ મળી શકતી નથી. સવારમાં વ્યવહારના કામથી પરવાર્યાં નથી હોતા એટલામાં તો નોકરીએ જવાનો ટાઇમ થઇ જાય છે. અને કદાચ કોઇ વખત મા'ળા લઇ બેસીએ છીએ તો સ્ત્રી અને છોકરાં ઘરમાં શોરબકોર કરતાં હોવાથી ચિત્ત એકાગ્ર થતું નથી" આવાં ને આવાં સેંકડો વચનો બોલી પોતાને વખત મળતો નથી અને તેથી ઇશ્વરભક્તિ થઇ શકતી નથી એમ જણાવે છે. પણ આમ જણાવવું એ એક પ્રકારની મનની નબળાઇ અને પરમાર્થ સાધન તરફ ન્યૂન પ્રેમજ સૂચવે છે. આવા મનુષ્યોના જીવનને આપણે અવલોકી જોઇશું તો જણાશે કે તેમને નોકરીએ જવાનો ટાઇમ મળે છે. ખાવાનો ટાઇમ મળે છે. બહાર ફરવા જવા અથવા નાટકો જોવાનો ટાઇમ મળે છે, પોતાના સંબંધી સાથે વાતોના તડાકા મારવાનો વખત મળે

છે. રાત્રીએ સૂઈ જવાનો ટાઇમ મળે છે. અને આ ઈશ્વરભક્તિ કરવાનો ટાઇમ દિવસ ને રાત્રીના ૨૪ કલાકમાં માત્ર એક કલાકજેટલો પણ મળતો નથી. કેટલી આશ્ચર્યની વાત છે? આવા મનુષ્યો સુખને અને ઉન્નતિને ઇચ્છે તો તેમની આ ઇચ્છા કેવી રીતે સંપૂર્ણ થશે તેનો તમે વિચાર કર્યો છે? તમે વિચાર કર્યો હશે તો તમને સ્પષ્ટ થયું હશેજ કે તે ઘણા મંદ વેગથી થાય છે. અને સ્થાયી ટકતી નથી.

*     *     *     *     *

**અ**ન્નપૂર્ણાના સમીપમાં રહેનાર મનુષ્ય જેમ ક્ષુધાની પીડાથી પીડાતો નથી તેમ લક્ષ્મીપતિ ભગવાનના ચરણ તળાંસનાર કોઇ દિવસ દુઃખી થતો નથી અને કદાચ થાય છે તો પરમાત્મા તેને આધિ વ્યાધિ વગેરે દુઃખ આપી તેની પરીક્ષા જુએ છે પણ તે પોતાના ભક્તની લજ્જા કોઇ દિવસ જવા દેતાજ નથી.

*     *     *     *     *

સાધારણ કપડાનો કકડો હશે તો તેનાથી તમારા ઘી વગેરેથી ચીકણા હાથ લુછવા વૃત્તિ થવાની, પણ સુંદર રેશમી રૂમાલ વડે લુછવા વૃત્તિ નહિજ થવાની. આ નિયમ પ્રમાણે તમે તમને અયોગ્યતાવાળા માનશો તો જગત્‌ના લોકો તમને અયોગ્યતાવાળાજ જોવાના અને યોગ્યતાવાળા માનશો તો તે તેજ જગત્‌ના મનુષ્યો તમને યોગ્યતાવાળાજ જોવાના.

* * * * *

આ જગત્ આપણે જોઇએ છીએ તેવાં બીજાં અનેક જગત્ બ્રહ્માંડ અને સૂર્યો છે. આપણા ગ્રહ જેવા બીજા અનેક ગ્રહો છે. તેના આગળ આપણે અને આપણું ગામ અથવા શહેર કાંઇજ વિસાતમાં નથી. આ વાતને જાણ્યા સીવાય મનુષ્યો અભિમાન, ઇર્ષ્યા, ક્રોધાદિ દુર્ગુણોને વશ થાય છે. તેમણે આ ઉપરથી જાણવું જોઇએ કે આ અનંત સૃષ્ટિમાં આપણે એક ક્ષુદ્ર જંતુવત્ છૈયે

તેથી ઉક્ત દુર્ગુણોનો તત્કાળ નાશ કરવાની આવશ્યકતા છે.

* * * * *

**સૌંદર્ય** પ્રાપ્ત કરવા અર્થે નાના પ્રકારના પાવડરો અને તૈલોનો ઉપયોગ કરવા કરતાં પ્રસન્નતાની છાપ મુખઉપર રાખો. તેનાથી તમારૂં સૌંદર્ય ઘણુંજ વધશે. અને તેલ તથા પાવડરમાં ખરચાતા પૈસામાં બચાવો થશે.

* * * * *

**સ્વસ્વરૂપમાં** પ્રતિદિન જોડાયલા રહેશો તો સુખનાં દ્વાર આપોઆપ ઉઘડશે.

* * * * *

**જેમ** એક જમીનમાં બાવળ, થોરીયા વગેરેનાં ઝાડ હોય અને ત્યાં એક ફળદ્રુપ આંબા કેળ વગેરેનાં ઝાડોનો બાગ બનાવવો હોય તો પ્રથમ બાવળ વગેરે ઝાડને જડ મૂળથી કાઢી નાંખવાં પડે છે. તેમ અંતઃકરણમાં સદ્વિચારનું સ્થાપન ક-

રવા કુવિચારનો નાશ કરવો જરૂરનો છે.

*   *   *   *   *

કોઇ પણ કાર્ય કરતી વખત તે રસપૂર્વક કરવું. આ કાર્યસિદ્ધિની એક અમૂલ્ય ચાવી છે. આજે ઘણાં મનુષ્યો પોતાને પ્રાપ્ત કાર્યો રસપૂર્વક કરતાં નથી અને તેથી તેમની સત્વર ઉન્નતિ થઇ શકતી નથી. પ્રતિકૂળ જણાતું કાર્ય પણ જો આપણે માથે આવી પડ્યું હોય તો તે પણ રસપૂર્વક કરવું અર્થાત દાખલાતરીકે દશ રૂપીયાના પગારની નોકરીમાં એક મનુષ્યને પ્રતિકૂળતા જણાતી હોય તથાપિ તે નોકરી રસપૂર્વક કરવી. અને જ્યારે આપણે આ પ્રમાણે કરતાં શીખીશું ત્યારે આપણને પ્રતિકૂળ જણાતી સ્થિતિ પણ અનુકૂળ થઇ જશે.

*   *   *   *   *

પ્રતિદિન આગળ વધો. તેની તે સ્થિતિમાં પડ્યા ન રહો. પણ પુરૂષાર્થને સેવી આગળ વધો.

ઉન્નતિનાં દ્વાર ત્યારેજ ખુલ્લાં થશે. રોજ રાત્રે સુ-
તી વખત તમે આખા દિવસમાં જેટલાં કાર્યો ક-
ર્યાં હોય તેનું સ્મરણ કરો. અને જે કાર્ય થયું
હોય તેની નોંધ કરો. અને વિચાર કરો કે હું ઉ-
ન્નતિના કાર્યમાં આગળ વધું છું કે કેમ ?

*   *   *   *   *

યુરોપ, અમેરિકા, અને જાપાન જેવા દેશો ન-
વનવીન શોધ નિત્ય કર્યાં કરે છે તેનું કારણ તે
દેશના મનુષ્યોની બુદ્ધિ છે. બુદ્ધિના પ્રભાવથી અને
તેને કેળવવાથી તે દેશ અત્યંત નવીન શોધ ખોળી
કાઢવામાં વિજયી થયો છે. આપણા દેશમાં પણ
નવીન શોધો નીકળી શકે એમ છે. પરંતુ આપ-
ણા દેશના મનુષ્યોમાં ઘણોભાગે હજી બુદ્ધિને કે-
ળવી નથી. અને તેથી તેઓનાથી નવીન શોધ થ-
ઈ શકતી નથી.

*   *   *   *   *

તમારે જે જોઈતું હોય તે તમારા આંતર મ-

નને જણાવો, તમને તે અવશ્ય આપશે. તેના ઉ-પર સંપૂર્ણ શ્રદ્ધા રાખો.

*   *   *   *   *

બકરાના ટોળામાં રહેલા સિંહને જેમ હું બ-કરો છું. એવી મિથ્યા પ્રતીતિ થઇ હતી તે પ્ર-માણે તમે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાત્માના અંશાવ-તાર છતાં તમને હું જીવ છું, હું અલ્પજ્ઞ અને દુઃખી છું, હું રોગી છું, વગેરે ભ્રાંતિ થઇ છે. તેનો જ્ઞાન વડે નાશ કરો. અને તમારા આત્માને ઓળખો મનુષ્યજન્મ ધારણ કરી તમારૂં અહીં આજ કર્તવ્ય પ્રધાન છે. તેને સિદ્ધ કરી તમારા અવતારને કૃતકૃત્ય બનાવો.

*   *   *   *   *

પરમાત્મા પ્રેમસ્વરૂપ છે. તમારા હૃદયમાં શુદ્ધ પ્રેમને ધારણ કરો. સર્વ સાથે પ્રેમમય વર્તન રાખો, દ્વેષ, ઇર્ષ્યાં, ઇત્યાદિને ભૂલી જાઓ. અને તમારી સાથે પ્રતિકૂળપણે વર્તન કરનાર મનુષ્ય

પણ અનુકૂળ વર્તન કરનાર થશે.

*         *         *         *         *

વિનયયુક્ત વાણી બોલવાના અભ્યાસી થાઓ. તમારા નોકરપ્રત્યે પણ વિનયયુક્ત બોલો. તમને જે સાચું જણાતું હોય તે બોલવાનોજ અભ્યાસ રાખો. બીજાની સાંભળેલી વાતમાં તમને શક પડતો હોય તો તેનીખાત્રી તમે જાતે કરો. પણ તે વાત જેના તેનાઆગળ પ્રકાશિત ન કરો. મૌનને સેવો, અને જે વાણી ઉપયોગની હોય અને તે સામા મનુષ્યને કહેવી જરૂરની હોય તે વાણીનોજ ઉચ્ચાર કરો. તોછડી ' તું–તાં ' શબ્દોવાળી વાણી બોલવાથી આપણી પોતાનીજ મહત્તા ઘટે છે. તેથી તેવી વાણીને બોલવાપૂર્વે તેને તિલાંજલિ આપો. ખાત્રીપૂર્વક માનજો કે પ્રેમમય વાણી બોલવાની ટેવ રાખ્યાથી તમે તમારૂં કામ જેટલું સહેલાઇથી કરી શકશો તેટલું સહેલાઇથી તોછડી વાણી બોલવાથી થશે નહિ.

*         *         *         *         *

ઘણા મનુષ્યોને એવી ટેવ હોય છે કે વાણી-માં કંઇ, અને કરવું કંઇ. આ ટેવ બુદ્ધિમાન મ-નુષ્યે પસંદ કરવા યોગ્ય નથી. માટે કહેવા પ્રમાણે કરી બતાવવું એજ યોગ્ય છે. વાતોના તડાકાથી હવેનો જમાનો મોહ પામે તેમ નથી.

* * * * *

આ કામ થવું મારાથી અશક્ય છે એમ કદી બોલતા ના. આ પ્રમાણે બોલવાથી તમે તમારી કીંમત ઓછી આંકોછો. તમે તમને મહત્વવાળા માનો, અને ભલે આ કાળે તમે મહત્વવિનાના હશો પણ થોડા વખતમાં જગત્ તમને મહત્વવાળા માનશે. તમારામાં દુર્ગુણ હોય તો તેનું ચિંતન ન કરો પણ ગુણનેજ ચિંતવો. ટુંકામાં તમને જે સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તેનુંજ માનસિક ચિત્ર તમારા મનમાં રચો.

* * * * *

જેના તેના આગળ તમારા દુઃખનાં રડગાણાં

કહેતા નહિ. કેમકે તેથી તમારૂં દુઃખ ઓછું થતું નથી. ઉલટું, બીજા મનુષ્યને તમે દુઃખની સમીપ આકર્ષો છો. તેથી દુઃખની કથા કીર્તન કરવાં છોડી. સુખને પ્રાપ્ત કરવાના માર્ગમાંજ ઉત્સાહથી જોડાઓ.

*    *    *    *    *

તમે જે મનુષ્યના પરિચયમાં આવો તેને તમે માંદા છો, તમે સુકઇ ગયા છો, વગેરે કહેતા નહિ કેમકે એવી દોષવાળી વાત કહેવામાં પ્રથમ તમે જાતેજ દોષવાળી સ્થિતિમાં પ્રવેશ કરો છો. અને એવી દોષવાળી સ્થિતિમાં પ્રવેશ કરવો તમારે જરા પણ ઉચિત નથી. દરેક મનુષ્યને ઉત્સાહ અર્પો. તેનો વ્યાધિ કષ્ટ સાધ્ય હોય તોપણ તેને ઉત્સાહ આપો. આ પ્રમાણે કરવાથી તમે તેને જીવનરસ પાઓ છો.

*    *    *    *    *

ક્રોધ એ અવનતિનો સબળ ઉપાય છે. જે મનુષ્ય ક્રોધને આધિન થાય છે તે પોતાના સામ-

થયંને ગુમાવે છે. કજીઆ કંકાસ વગેરે પ્રસંગોમાં ન જોડાઓ પણ ત્યાંથી દૂર ચાલ્યા જાઓ. તમારા મનઉપર કાબુ રાખો અને ક્રોધને અટકાવો એટલે સામર્થ્યનો મહોદધિ તમારા સમીપ આવશે.

* * * * *

**બી**જાને નુકસાન કરવાનું ધારશો. તો પ્રથમ તમારે પોતાનેજ નુકસાન થશે. પોતાને નુકસાન થયા સિવાય અન્યને નુકસાન કરી શકાતું નથી. એ ખાસ સ્મરણમાં રાખજો.

**ન**દીના તટઉપર, બાગમાં, અથવા ખેતરમાં, સાંજના તથા સવારના બેસવું, અને ત્યાં થોડીવાર દિર્ઘશ્વાસ કરવા, કસરત કરવી, તથા ઇષ્ટસ્તુતિનાં પદ્યો ગાવાં. આ મનની શુદ્ધિનો સબળ ઉપાય છે. આ પ્રમાણે આઠ દશ દિવસ કરવાથી આપણા શરીર તેમજ મન ઉભયની શુદ્ધિ સધાય છે. મનની શુદ્ધિ સધાતાં બુદ્ધિ વધે છે. અને સુખનો સઘળો આધાર બુદ્ધિઉપર હોવાથી બુદ્ધિ વધતાની

સાથે સુખ પણ મળે છે.

*　*　*　*　*

ઝાડની નીચે વાઘ આવીને બેસતાં વાંદરાં ગભરાઈને આપોઆપ પડી જઈ વાઘનું ભક્ષણ થાય છે તેમ મનુષ્યો ભય ચિંતા આદિને આઘેથી જોઈ અર્થાત્ ભવિષ્યમાં કોઈ ભય આવવાનો હોય તેનું વર્તમાનમાંજ અનુમાન કરી દુઃખના સમુદ્રમાં આવી પડે છે. પણ આ પ્રમાણે બુદ્ધિમાન મનુષ્યોએ કરવું યોગ્ય નથી.

*　*　*　*　*

પરમાત્મા દશે દીશાએ અને સર્વ પદાર્થોમાં વ્યાપ્ત છે. ચર અચર જણાતી સર્વ વસ્તુઓમાં તેમનો નિવાસ છે. ધન ઐશ્વર્ય આદિ સર્વ સુખના સમુદ્રો તેમનામાં ભરેલા છે. તમારે તે લેવા અર્થે કર્ત્તવ્ય માત્ર પરમાત્મસ્વરૂપમાં અભિન્ન થવારૂપ કરવાનું છે.

*　*　*　*　*

પ્રતિકૂળ જણાતી સ્થિતિને ટાળવાનો સર્વોત્તમ ઉપાય વિસ્મરણ છે. આપણે જ્યારે આપણને જણાતી પ્રતિકૂળ સ્થિતિનું વિસ્મરણ કરીએ છીએ ત્યારે તેનું પ્રતિકૂળતાપણું આપણને જણાતું નથી.

* * * * *

દેશોન્નતિનો સબળ ઉપાય સર્વાત્મભાવના છે. આપણા દેશમાં વસતા સર્વ દેશીઓ આપણા પ્રાણાત્મા સમાન છે. અર્થાત્ આપણા પ્રાણ જેટલા વહાલા છે. આવી સર્વાત્મભાવના દરેક મનુષ્યે રાખીને વર્તવું જોઈએ, કેમકે દેશોન્નતિ ત્યારેજ થશે. કુસંપ, દ્વેશ, વગેરેથી ભરપુર અંતઃકરણવાળા મનુષ્યો એક બીજાનું ભુંડું ઇચ્છે ત્યાં દેશોન્નતિની આશા કેવી રીતે રાખી શકાય.

* * * * *

ગમે તેમ કરી પૈસા મેળવવા. ચાહ્ય તો તેમાં અન્યાય થતો હોય તો ભલે એવો કેટલાક મનુષ્યના મનમાં નિશ્ચય હોય છે. અને પૈસા ઉપર દર-

કાર ન રાખતાં ઉત્તમ કામ કરવું, એવો કેટલાકનો નિશ્ચય હોય છે, એમાંથી કયો નિશ્ચય તમારે પસંદ કરવા યોગ્ય છે. તેનો વિચાર તમે જાતેજ કરી લેજો.

*  *  *  *  *

કોઈ મનુષ્ય તમારી નીંદા અથવાટીકા કરે તો તેના ઉપર ક્રોધે ભરાતા નહિ. કેમકે નીંદા કરવાથી નીંદા કરનાર મનુષ્ય પોતેજ અવનતિના માર્ગમાં આવી પડે છે. તેથી તમારે તમારી નીંદા થતી હોવાથી લેશ પણ પરિતાપ પામવાની જરૂર નથી.

*  *  *  *  *

વિચારબળ અગાધ હોવા છતાં મનુષ્યો તેનો ઉપયોગ કરતાં શીખતા નથી. અને હાથે કરીને દુઃખમાં પડી રહે છે. આપણને જેવા થવાની ઇચ્છા હોય છે તેવા વિચારવડે થઇ શકીએ તેમ છીએ. ત્યારે હવે શા માટે આપણે તેનો યથાર્થ ઉપયોગ કરવામાં પ્રમાદ સેવવો જોઇએ !

*  *  *  *  *

અન્યને સુધારવાનો ઉપાય જ્ઞાન છે, જ્ઞાન વડેજ મનુષ્ય સુધરી શકે છે. વશીકરણુ અથવા મંત્ર જંત્રથી નહિ. મંત્ર જંત્ર અને વશીકરણથી કદાચ મનુષ્ય વશ થાય છે પણ થોડાજ સમયમાં તેનું ભયંકર પરિણામ આવ્યા સિવાય રહેતું નથી. જ્ઞાન કરવાથી આ પ્રમાણે હાની વેઠવી ન પડવા ઉપરાંત આપણું પોતાનું અને સામા મનુષ્યનું મળી બંનેનું કલ્યાણ સધાય છે.

* * * * *

તમે જ્યાં જાઓ ત્યાં તમારા આંદોલનોવડે શાંતિ પ્રસરાવો. મિત્રમંડળમાં જાઓ તો ત્યાં ફરવા જાઓ તો ત્યાં, અને આ પ્રમાણે દરેક જગાએ તમે શાંતિ અને ઉન્નતિના વિચાર કર્યા કરો. એટલે તમારી ઉન્નતિ થશે અને તમે સર્વની પ્રીતિનું પાત્ર બનશો.

* * * * *

હું અધમછું, હું પાપીછું. આ પ્રમાણે બોલી

ચોધાર આંસુ પાડવાથી પાપ ધોવાતું નથી પણ પાપ સત્કર્મથી ધોવાય છે. પ્રતિદિન પુરૂષાર્થને કરી સત્કર્મી થાઓ. જેથી તમારા પાપની નિવૃત્તિ એની મેળે થશે. પાપની વાતો છોડી દો. અગાઉ તમે જે પાપ કર્યું છે તેનું વિસ્મરણ કરો. **गतं न शोचामि** જે થઇ ગયું છે તેનો શોક કરવો યોગ્ય નથી એ નિયમ પ્રમાણે થઇ ગયેલા પાપનું સ્મરણ કરવું છોડી હવેથી ભવિષ્યમાં પાપ ન થાય એવો નિશ્ચય કરો. અને સદુદ્યમમાં મચ્યા રહો.

*　　*　　*　　*　　*

**મૂલ્યવાન્** હિરા મોતીનો હાર એક વાંદરાની પાપાસે હોય છે તો તે વાંદરો તેને આમ તેમ જોઇ ભાગી નાંખવા તત્પર થાય છે. તેમ મનુષ્યો પોતામૂલ્યવાન શરીરની કંઇ પણ કીંમત જાણ્યા વગર તેનો દુરૂપયોગ કરી આખરે મરણને શરણ થાય છે.

*　　*　　*　　*　　*

**નવીન નવીન** જાણવાની પ્રવૃત્તિને છોડો. તમારી

આખી જીંદગી પુરી થઈ જશે પણ નવીન જાણ-વાનું જાણી રહેશો નહિ. હવે જે જાણ્યું છે તેને આચારમાં મૂકો. આચારમાં મૂકયા સીવાય જાણેલું સર્વ 'પથ્થર પર પાણી' ની સમાન વ્યર્થ છે.

*    *    *    *    *

# BIO-CHEMISTRY.

# જીવનરસાયનશાસ્ત્ર.

## અથવા

# વ્યાધિ હજાર પણ ઔષધ બાર.

**પ્રશ્ન—જીવન રસાયન શાસ્ત્ર** એ શું છે. ?

**ઉત્તર**—આ નામનું ગુજરાતીમાં હાલમાં એક પુસ્તક લખવામાં આવ્યું છે. આ પુસ્તક એવું છે. કે આજના જમાનામાં પ્રત્યેક માણુસને તેની જરૂર છે ડૉકટર કેરી, ડૉકટર ચેપમાનની બાયોકેમીસ્ટ્રી, ડૉકટર સુસ્લારની થેરાપી, ડૉકટર શેનનની રેપર્ટરી, ડૉકટર બોરીકના બાર ઔષધ, તથા હોમીઓપેથીક ન્યુસ વગેરે ઉપરથી આ પુસ્તક લખવામાં આવ્યું છે. આ પુસ્તકની ભાષા એવી

સહેલીછે કે એક બાળક પણ સમજી શકે છે.

**પ્રશ્ન—જીવન રસાયન શાસ્ત્ર** એટલે શું ?

**ઉત્તર**—અંગ્રેજીમાં જેને બાયોકેમીસ્ટ્રી કહે છે તેનું જીવન રસાયનશાસ્ત્ર ગુજરાતીમાં ભાષાંતર છે.

**પ્રશ્ન**—ત્યારે આ પુસ્તકમાં રસાયન સંબંધી આવતું હશે ?

**ઉત્તર**—ના, જેને આપણે રસાયન કહીએ છીએ અને જેમાં પારો, ગંધક, વચ્છનાગ, સોમલ વગેરે આવે છે તેવું આમાં કશુંજ આવતું નથી. આ ઔષધનો ગુણ રસાયનની પેઠે તત્કાળ થાય છે. અર્થાત્ તેના સેવનથી તત્કાળ લાભ થાય છે. તેથી તેનું નામ **જીવન રસાયન** રાખવામાં આવ્યું છે. આ જીવનરસાયનની શોધ જર્મનીના પ્રસિદ્ધ ડૉકટર સુસ્લરે કરી છે. આ શાસ્ત્રનો એવો સિદ્ધાંતછે કે આપણા લોહીમાં બાર ક્ષાર ( Salts ) રહેલા છે. આ ક્ષારો આપણે જે ખોરાક ખાઇયે છીયે તેમાંથી લોહીમાં રચાય છે. આ ક્ષારમાં જ્યારે ન્યુનતા

થાય છે, અર્થાત તેમાંથી કોઈ ઓછો થાય છે, ત્યારે રોગ થાય છે. આ બારે ક્ષારોના નામ આ પુસ્તકમાં આપેલાં છે. આ ડૉકટરે આ બારે ક્ષાર શોધી કાઢ્યા છે. અને જે ક્ષાર આપણા શરીરમાંથી ઓછો થયો હોય છે. તે આમાંથી લેવાથી તે રોગ તરત મટી જાય છે. આપણને જે રોગ થયો હોય તે રોગ ઉપરથી આ પુસ્તક વાંચી આપણા શરીરમાં કયો ક્ષાર ઓછો થયો છે તે આપણે તરતજ જાણી શકીએ છીએ. આ બાર ક્ષારમાંથી કયો ક્ષાર કેવી રીતે અને કેટલો લેવો તે આ પુસ્તકમાં કોઇપણ મનુષ્ય સમજી શકે તેવી ભાષામાં સારી રીતે સમજાવવામાં આવ્યું છે.

**પ્રશ્ન**—આ ક્ષારનો સ્વાદ કેવો હોય છે. ?

**ઉત્તર**—ખાંડ જેવો ગળ્યો હોય છે, વળી તેનું પ્રમાણ પણ ઘણું ઓછું લેવાનું હોવાથી આ દવા ખાતાં જરી પણ ત્રાસ આવતો નથી. નાનાં બાળકો પણ આ દવા હોંસે હોંસે ખાય છે.

આ બાર ક્ષાર જે ડૉ. સુસ્લરે ખોળી કાઢ્યા છે તે આપણા આહારનાજ પદાર્થો હોવાથી એલોપથીના ઔષધથી જેમ હાની થાય છે. તેમ આમાં જરી પણ હાની થતી નથી. આ દવા નાનાં બાળકોને તથા ગર્ભવાળી સ્ત્રીઓને ગમે ત્યારે આપી શકાય છે, અને તેમાં કોઈ પણ પ્રકારનો જરાપણ ભય નથી. વળી મોટામાં મોટો આ દવાનો લાભ એ છે કે કદાચ એકને બદલે બીજી દવા ખાઇ જવાય છે. તો તેથી પણ જરીએ નુકસાન થતું નથી. કારણ કે તે પદાર્થ જરૂરનો ન હોવાથી શરીરમાંથી બહાર નીકળી જાય છે.

**પ્રશ્ન** આ બાર દવા કયા કયા રોગ ઉપર ચાલેછે.

**ઉત્તર**—આ બારે દવા હજારો રોગઉપર ચાલે છે. ચોથીઓ, એકાંતરીઓ વગેરે તમામ જાતના તાવ, બંધકોશ, મરડો, અતિસાર, ગુમડાં, માથુ દુઃખવું, સંધિવા, ગંડમાળ, અશક્તિ, મગજની નબળાઇ, ઉલટી, કમળો, સોજો, શ્વાસ, દમ, આં-

ખ દુઃખવી, લોહીવિકાર, ઉંઘ ન આવવી જખમ, લચક, ખીલ, હરસ, દાદર, ખસ, ખરજવું, આ પ્રમાણે બીજા તમામ દરદોઉપર આ બાર દવા ચાલે છે. આ પુસ્તકમાં જુદા જુદા રોગના ચિન્હ તથા તેના ઉપર કયો ક્ષાર લેવો તે ઘણી સારી રીતે જણાવેલું છે, જે આ પુસ્તક વાંચતા તરત સમજાય છે.

**પ્રશ્ન**—આ દવા ખાવાથી ધર્મ ભ્રષ્ટતા થાય છે. ?

**ઉત્તર**—જરા પણ નહિ. આ દવા આપણા આહારના પદાર્થોમાંથી જ તૈયાર થતી હોવાથી તેમાં સ્પીરીટ વગેરે કોઇ ચીજનો પણ ભેગ થતો નથી.

**પ્રશ્ન**—જીવન રસાયન શાસ્ત્ર પુસ્તકમાં બીજું શું લખ્યું છે. ?

**ઉત્તર**—આ દવાની અસર કેવી થાય છે. તે કેટલા પ્રમાણમાં લેવી. અમુક રોગઉપર કઇ દવા લેવી વગેરે હકીકત સ્પષ્ટ રીતે સમજાય તેવી રીતે લખવામાં આવીછે. વળી દરેક વ્યાધિની ચિકિત્સા

તથા તે થવાના કારણો તેમાં વિસ્તારપૂર્વક સમજાવ્યાંછે. અને તે વૈદ્ય અથવા ડાકટર થવા ઇચ્છનાર પ્રત્યેક મનુષ્યને ખાસ કરીને વાંચવા યોગ્ય છે.

**પ્રશ્ન**—એલોપથીની દવા કરતાં આ દવા ગુણમાં ચઢીયાતી છે. ?

**ઉત્તર**—હા, અનેક વ્યાધિઓ તે ચમત્કારિક રીતે મટાડેછે. કેટલેક પ્રસંગે એલોપથી જે વ્યાધિને અસાધ્ય વર્ણવે છે તે વ્યાધિ આ દવાના સેવનથી જાદુઇ રીતે મટી ગયાના હજારો દાખલા બન્યાછે. અમેરિકા અને જર્મનીના વિદ્વાન ડૉકટરોની હવે દિવસ દિવસ એલોપથીની દવાઉપરથી શ્રદ્ધા ઉઠતી જાયછે. ડૉકટર ગ્રેનીચ સ્ટ્રેટન, ડૉકટર કાઇઝર, પ્રોફેસર ડૉકટર એચ સ્ટીવન્સ, ડૉકટર એમ સ્મીથ, અને ડૉકટર કેરસ, ઇત્યાદિ બીજા અનેક વિદ્વાન ડૉકટરો એલોપથીની દવાને ઝેર સમાન ગણેછે. અને તે ન પીવા પોતાને ત્યાં આવતા દરેક રોગીઓને પ્રબોધે છે. **એલોપથીની**

**દવા ખાઇ ખાઇ કંટાળી ગયેલા મનુષ્યોને આ દવા એક અમૃતસમાન છે.**

**પ્રશ્ન**—આ દવા કોઇએ વાપરીછે. ?

**ઉત્તર**—હા. અનેક મનુષ્યોએ અને ડૉકટરોએ તેનો અનુભવ કરી જોયોછે. આજે પણ અનેક ડાકટરો આ દવા વાપરે છે. કેમકે તેથી જરી પણ નુકસાન થતું નથી. અને દરદ મટે છે. આપણા દેશમાં પણ આ પુસ્તકની પહેલી આવૃત્તિ છપાઇ ત્યારથી ગુજરાત, મુંબઇ, કાઠીયાવાડ, સિંધ વગેરે દેશના મનુષ્યો આ દવા વાપરતા થયા છે. અને તેમને તેનાથી લાભ થવાથી તેઓ આ દવા વાપરવાને અન્ય મનુષ્યોને પણ કહે છે.

આ દવા ઘરમાં રાખવાથી વૈદ્ય કે ડૉકટરની ઘણી જરૂર ઓછી થઇ જાય છે. અને તેની સાથે ઘણા પૈસાનો બચાવ થાય છે. અને શરીરમાં કોઇ પણ પ્રકારનું નુકસાન ન થતા વ્યાધિ મટે છે.

**આ દવા સંબંધી સઘળી હકીકત આ પુસ્તકમાં**

આપેલી છે. આ પુસ્તક વાંચવાથી આ સંબંધી જાણવા જેવું સર્વ જણાઇ જાય છે. આ પુસ્તકની કીંમત માત્ર દશ આનાજ છે. અને તે નીચેને ઠાણેથી મળી શકે છે. વળી આ પુસ્તક જેમને જોવું હોય તેમને નીચેને ઠેકાણે તે **મફત** જોવા દેવામાં આવે છે. તથા દરદીને સલાહ પણ મફત આપવામાં આવે છે. આ પુસ્તક તથા એક પેટી દવા તમે મંગાવી જોશો તો તમને તેથી પશ્ચાતાપ નહિજ થાય. પણ લાભજ થશે. પુસ્તક મંગાવી તે પસંદ ન પડે તો બે દિવસની અંદર તે સારી સ્થિતિમાં પાછું મોકલનારને પૈસા પાછા આપવામાં આવે છે.

**પ્રશ્ન**—આ પુસ્તકમાં જણાવેલા બાર ઔષધ ક્યાં મળે છે. ?

**ઉત્તર**—આ બાર ઔષધ જુદી જુદી પાવરના આવે છે. જેમકે ૩X, ૬X, ૧૨X, ૩૦X, ૧૦૦X, ૨૦૦X, અને ૪૦૦X X આ ઠેકાણે પાવર જણા-

વે છે. જેમ દવા ઉંચા પાવરની હોય છે તેમ તે જૂના દરદોમાં વધારે અસર કરે છે. આ બાર દવાઓ નીચેને ઠેકાણેથી મળી શકે છે. અને તેની કીંમત નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૩X અથવા | ૬X૧ | આઉંસ | ૦-૭-૦ |
| ૩X અથવા | ૬X½ | ” | ૦-૪-૦ |
| ૧૨X | ૧ | ” | ૦-૧૨-૦ |
| ૧૨X | ½ | ” | ૦-૮-૦ |
| ૩૦X | ૧ | ” | ૧-૦-૦ |
| ૩૦X | ½ | ” | ૦-૧૦-૦ |
| ૧૦૦X | ૧ | ” | ૩-૦-૦ |
| ૧૦૦X | ½ | ” | ૧-૧૨-૦ |
| ૨૦૦X | ૧ | ” | ૩-૦-૦ |
| ૨૦૦X | ½ | ” | ૧-૧૨-૦ |
| ૪૦૦X | ૧ | ” | ૫-૦-૦ |
| ૪૦૦X | ½ | ” | ૩-૦-૦ |

આ પ્રમાણે એક શીશીના એક આઉંસ અ-

ને અર્ધાં આઉંસની કીંમત હોય છે. આ દવાની બારે નંબરની એક આઉંસ અને અર્ધાં આઉંસની એક જાતની શીશીઓની તાળા કુંચી વાળી પેટી પણ તૈયાર મળી શકે છે. આ સંબંધમાં વિશેષ સલાહની જરૂર હોય તો પત્રથી પુછનારને મફત આપવામાં આવે છે.

એક આઉંસની સાગની તાળા કુંચી વાળી બાર ખાનાથી પેટીની કીંમત રૂ. ૧-૪-૦ અને અર્ધાં આઉંસની પેટી કીંમત ૧-૦-૦.

કાર્ડબોર્ડની સુશોભીત બાર ખાનાવાળી મજબુત એક આઉંસની પેટીની કીંમત ૦-૧૨-૦ અને અર્ધાં આઉંસની પેટીની કીંમત ૦-૮-૦.

જેમને છુટક દવા માત્ર જોઇતી હોય તેમણે તે પ્રમાણે અને જેમને પેટી સાથે જોઇતી હોય તેમને પેટી સાથે મોકલવામાં આવે છે.

**એજંટોને સારો લાભ.** આ દવાઓ હવે

પ્રત્યેક સ્થળે જથાબંધ ખપે છે. તેથી એજંટોને સારો લાભ મળી શકે છે. એજંટ થવામાં ઘણી-જ થોડી મુડી રોકવી પડે છે. એજંટ થવા ઈચ્છ-નારે પત્રવ્યવહાર કરી એજન્સી સત્વર મેળવી લેવી.

## આ દવા મળવાનું ઠેકાણું.

## પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

### ચંદ્રપ્રકાશ ઓફીસ. ખપાટીઆ ચકલા

### સુરત.

---

## આ દવા સબંધી અનેક અભિપ્રાયો-માંથી થોડા અભિપ્રાય.

આપના તરફથી જે જે દરદોમાં આપની કંપ-નીમાંથી મંગાવી જીવનરસાયન દવાઓ મેં વાપરી છે. તે વીષે વિનંતી કરવાની કે મેં તે દવાઓ જી-વનરસાયન શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે ક્રમથી વાપ-રી છે, અને તે ઘણા વ્યાધિમાં ફતેહમંદ નીવડી

છે. ઝાડાના તથા મરડાના વ્યાધિમાં તે રામબાણ અસર કરે છે. લિ.

**ચુનીલાલ તુલસીદાસ ડૉકટર.**

**મુ૦ ગારીઆધર.**

---

આપની પાસેથી "જીવન રસાયન શાસ્ત્ર" બાયોકેમીસ્ટ્રીના નંબરવાળા કેટલાક ક્ષારો લઇ મારા સહવાસમાં આવનાર મારા આમ બંધુઓના વ્યાધિઓઉપર અજમાવી અનુભવ કરતા આપને જણાવવાને મને ઘણી ખુશી ઉપજે છે, કે સ્વાદમાં ગળ્યા એવા સદરહુ ક્ષારોનો જો સમજીને યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો પ્રત્યેક વ્યાધિ નિર્મૂલ થયા સીવાય રહે નહિ. આ ક્ષારો આ બાળ વૃદ્ધ તમામ મનુષ્યને એક સરખી રીતે અસર કરનારા છે, એમ એ ક્ષારોના શોધક પિતા ડૉકટર શુસ્લર કહે છે, તે હવે અક્ષરશ: અનુભવસિદ્ધ થવાનો સમય પાસે, આવતો જાય છે.

આ લખનાર પોતે પ્રમેહના વ્યાધિને દીર્ઘ સમય થયા સેવતો હતો. મારો આ વ્યાધિ આ ક્ષારોના સેવનથી તદન નાબુત થયો છે, એટલુંજ નહિ પ-ણ મધુપ્રમેહ જેવા અસાધ્ય ગણાતા વ્યાધિ વા-ળા...દરદીને સતત ત્રણ માસ આ દવાનો ઉપયોગ કરાવ્યાથી હાલ તે યોગ્ય પ્રકારે પોતાનું આરોગ્ય ભોગવે છે. આ સીવાય ઉપદંશ, સ્ત્રી ઉન્માદ—હિ-સ્ટીરીઆ, તાવ, અતિસાર વગેરે વ્યાધિઓ આ ક્ષારોથી મારી દેખરેખ નીચે મરણને શરણ થયા છે. અર્થાત્ નાશ પામ્યા છે, મટી ગયા છે. મને તો એમ લાગે છે, કે એલોપથીની દવાથી કંટાળી ગ-યેલા હવે આ વિપરહીત સ્વાદિષ્ટ ક્ષારોના સેવનથી પોતાની જીવીત યાત્રા સુખમય બનાવી શકે તેમ છે.

**લિ. પ્રભાશંકર રત્નજી ઉપાધ્યાય.**

**હળવદ. કાઠીયાવાડ.**

ઓનરરી સેક્રેટરી બાજીરાજબા લાયબ્રેરી.

......I have been using the bio chemical medicines, supplied by you for about a year and am pleased to write that they are very effective and are admirably suited in most of the complaints of infants & young children.

Karanchi.

Yours Faithfully.

**Motilal T. Mankodi.**

L. M. & S.

---

આ સિવાય બીજા ઘણા અભિપ્રાયો છે. પણ સ્થળ સંકોચથી તે અત્ર ટાંકયાં નથી.

---

# દરેક મનુષ્ય જાતે વૈદ્ય

અથવા

# વ્યવહારોચિત જીવન રસાયનવિદ્યા.

આ પુસ્તક પ્રત્યેક મનુષ્યને અત્યંત ઉપયોગી છે. આ પુસ્તક પોતાની પાસે હોવાથી મનુષ્ય પોતાનો અને પોતાનો કુટુંબનો વૈદ્ય થઈ શકે છે. અને વૈદ્ય કે ડોકટરની જરૂર ઓછી થઇ જાય છે. આ પુસ્તકની ભાષા ઘણી સરળ અને કોઇ પણ મનુષ્ય સહજ સમજી શકે તેવી છે. આ પુસ્તક નહિ મંગાવનાર પોતાનું, અને પોતાના કુટુંબનું ઘણું સુખ ખુએ છે. હજારો મનુષ્યોને આ પુસ્તકથી લાભ થયો છે. વળી આ પુસ્તકની ઉપયોગનામાં આ વ્યાધિ ફલાણી દવાથી મટી ગયો હતો. એવી રીતે વિગતવાર અનુભવસિદ્ધ કેસના પ્રમાણો આપી વૃદ્ધિ કરી છે. કીંમત માત્ર આના ૦-૬-૦ જીવન ર-

સાયન દવાઓની પેટી લેનારને આ પુસ્તક અત્યંત ઉપયોગનું છે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ. સુરત.**

---

# ઔષધમાત્રની માતા, સરળમાં સરળ, નિર્દોષમાં નિર્દોષ. ( Most harmless. )

## કોઇપણ રોગ જલદી મટાડનાર

### ચમત્કારિક ભસ્મ

આધ્યાત્મિક વિદ્યાના ગુપ્ત રહસ્યથી તૈયાર કરેલી આ ચમત્કારિક ભસ્મ તેના નામ પ્રમાણે ચમત્કારિક રીતે સઘળા વ્યાધિને મટાડી આરોગ્યતા જાળવી રાખેછે. રોગી તેમજ નિરોગી મનુષ્યને તે હમેશા ગ્રહણ કરવા યોગ્ય છે. તેના સેવનથી તાવ, ઉધરસ, અંધકોશ, અતિસાર વગેરે બીજા સઘળા રોગો મટે છે. રામનું બાણ જેમ જ્યાં જાય ત્યાં વિજય મેળવતું અને કાર્ય કર્યાં સીવાય પાછું ફરતું

નહોતું તેમ આ ભસ્મ દરેક રોગને દબાવે છે. ભૂત પ્રેતનો જેના સબંધમા વહેમ હોય તેને પણ આ ભસ્મ અત્યંત ફાયદાકર્તા છે. માનસિક શક્તિઓનો આ ભસ્મના સેવનથી વિકાસ થાય છે. અને તેથી વકીલો, બારિસ્ટરો, લેખકો વગેરેનો તે ઉત્તમ ખોરાક છે. કીંમત માત્ર એક ડબ્બીની આના ચાર. આ બાળવૃદ્ધ સર્વ તેનો ઉપયોગ નિર્ભય રીતે કરી શકે છે. ગરીબ કે શ્રીમાન સર્વજ તેનો લાભ લઈ શકે તે અર્થે કીંમત ઘણીજ સસ્તી રાખવામાં આવી છે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત**

---

## આ ભસ્મના સબંધમાં થોડા અભિપ્રાય.

...વંદન સાથ વિનતિ કે આજરોજ ચમત્કારિક ભસ્મની ચાર ડબી મળી છે. તે ભસ્મ જુદા જુદા વ્યાધિવાળાને ખવરાવતાં તરતજ આ શ્ચર્યકારક ફેરફાર થઇ તંદુરસ્તી જણાઇ છે. ઘણાં દિવસના ચાલી રહેલા વ્યાધિ જેવાકે તાવ, ખાંસી વગેરે

જીર્ણ થયેલા છતાં માત્ર ત્રણ દિવસ ખાધી તેથી વ્યાધિ નિર્વૃત્તિ જણાઇ છે. નામ જેવાજ ગુણ છે. ચમત્કારિક ભસ્મ તે ચમત્કારિકજ છે. આજરોજ પુનઃ ડબ્બી નંગ ચાર મોકલવા કૃપા કરશો.

મુ૦ ભચાઉ ( કચ્છ ) લિ૦ **મહેશ્વરપ્રસાદ હાથીરામ**

---

વિનંતિકે આપની આધ્યાત્મિક પ્રસાદવાળી ચમત્કારિક ભસ્મના સેવનથી ઇષ્ટ આરોગ્ય પ્રાપ્ત થયું છે. તથા કફ અને વાયુની શાંતિ થવા અર્થે તેનું સેવન ચાલે છે. મંગલતમ મહેશ્વરની મહાન સત્તાથી આપની ભસ્મનું માહાત્મ્ય વિસ્તરતુ ચાલે છે. ઉત્કૃષ્ટ ઐશ્વર્યાધિપતિ ઇશ્વરસત્તાથી આપની આધ્યાત્મિક ભસ્મ ઉત્તરોત્તર ઉતમ આરોગ્ય અર્પી સર્વને સર્વોતમ સુખભાક કરવા શક્તિમાન કરો, એજ અભ્યર્થના છે.

**મુ૦ જુનાગઢ લિ૦ કૃષ્ણદત્ત વિ. મહાપુરૂષ**

---

આપની ભસ્મ વાપર્યાથી મારી સ્ત્રીને ઘણોજ લાભ થાય છે. ને હવે તેને ત્રણ ચાર વર્ષથી આઠે મહીને પ્રસવ થઇ જતો હતો. તે આપની ભસ્મ ખાવાથી લગભગ દશ માસ પૂરા થવા આવ્યા છે. અને તેનું શરીર પૂર્ણ આરોગ્ય છે. હવે જો તેની જરૂર હોય તો એક ડબ્બી વી. પી. થી મોકલી આપવા કૃપા કરશોજી.

**મુ૦ કઠલાલ.** **લિ-લ-કે-શાહ.**

ચમત્કારિક ભસ્મ મોકલી તે પહોંચી છે. મેં જ્યાં જ્યાં વાપરી ત્યાં અવશ્ય ફાયદો થયેલો છે. આ ભસ્મમાં જે વ્યાધિ નિવારવાનું સામર્થ્ય છે, તેની સરખામણીમાં તેની કીંમત કંઇજ નથી.

**મુ૦ ગુરીયા**

**લિ-ચુનીલાલ હીમાભાઇ તારમાસ્તર**

☛ વધુ અભિપ્રાય સ્થળ સંકોચથી આપ્યા નથી.

# શક્તિનો અખૂટ ખજાનો

## મર્ઝીના ? ?

શક્તિની બીજી કહેવાતી દવાઓ પાછળ વ્યર્થ પૈસાને બરબાદ ન કરતા વેળાસર મર્ઝીનાજ વાપરજો. જે સુખને માટે તમે રાત દિવસ ફીકરમંદ રહી તમારા અશક્ત શરીરને વધારે માઠા પરિણામ તરફ અજાણપણે ધસડ્યા હોછો તે ફીકરમાંથી છુટવાનો રસ્તો મર્ઝીના વાપરવી તેજ છે. કાયમનું ખરૂં પુરૂષત્વ પુરૂં પાડવાનું અને ટકાવી રાખવાનુ કામ મર્ઝીના ઘણી સારી રીતે કરે છે. કીંમત રૂા. ત્રણ વી–પી–થી–રૂા. સવા ત્રણ વ્યાપારીઓને તેના નામ સાથની જથાબંધ જાહેરાતો છપાવી આપવામાં આવે છે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.**

# જુની તેમજ નવી ખાંસી, દમ, ક્ષય વગેરેને મટાડનાર

## કફુસીરપ.

આ કફ સીરપના સેવનથી છાતીનું શૂલ, ક્ષય, હાંફણુ, દમ. નબલા ફેફસાં. ખાંસી ઉટાંટીયું, લુખી ઉધરસ વગેરે મટેછે. ગમે તેવો કફ પડતો હોય તો પણ તે ત્રીજે દિવસે મટી જાય છે. કીંમત બાટલી એકના આના બાર.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત**

---

# બગડી ગયેલા લોહીને સુધારી, શરીર મજબુત કરી ખુબસુરત ચહેરો બનાવનાર ખાત્રીનો ઉપાય.

## આયોડાઇજડ સાર્સાપરીલા.

કોઢ, રતવા, સંધિવા, રાંઝણુ, ખસ, ખુજલી, ઉપદંશ, ત્રિસ્ફોટક, પ્રમેહ, ચાંદા, વગેરે સર્વ વ્યાધિઓ

આના સેવનથી મટે છે. કાચુ રસાયન ખાવાથી તે ફુટી નીકળ્યું હોય તેની માઠી અસરને આ સાર્સાપરીલા તદન નાબુત કરે છે. કેટલીક સ્ત્રીઓને લોહીવિકારથી બાળકો જીવતા નથી તેઓ જો આ સાર્સાંપરીલાનું સેવન ચાલુ રાખે તો ઘણો લાભ થાય છે. અને બાળકો તંદુરસ્ત મજબુત અવતરે છે. કીંમત બાટલી એકના રૂ૦ ૧-૪-૦

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.**

---

# બાળકોના તમામ વ્યાધિ મટાડનાર

## બાલજીવન.

આનાથી તાવ, ઝાડા, ઉલટી, ગળામાં બોલતી સસણી, ઉધરસ, વીગેરે બાલકોના વ્યાધિ મટે છે. દાંત સુખપૂર્વક આવે છે. **આંચકી**, તાણુ વગેરે વ્યાધિઓનો પણ નાશ થાય છે. પોતાના બાળકને સુદૃઢ શરીર અને આરોગ્યવાળી સ્થિતિમાં જોવા

ઇચ્છનાર પ્રત્યેક માબાપે આ બાલજીવનનો અવશ્ય ઉપયોગ કરવો જોઇએ. કીંમત શાશી એકના આના બાર. ત્રણ શાશી સામટી લેનારને રૂ૦ ૨—૦—૦

☞ આ સીવાય ડોકટર ઇચ્છાપહોરીઆ અને ડાંગરેના બનાવેલા બાલામૃતોની શાશી અમારે ત્યાં કીફાયત ભાવે મળે છે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.**

---

## વાઇટે લાઇજર.

ચાલુ જમાનાનું અમૃત છે, ધાતુના દરેક વ્યાધિ મટાડે છે. નબળાઇનો કટ્ટો શત્રુ છે. ધાતુક્ષયની ચમત્કારિક દવા છે. ત્રણ દિવસમાં તેનો ચમત્કાર માલુમ પડે છે. મગજની નબળાઇના વ્યાધિ તથા લોહીના વીકારો મટે છે. સ્વપ્નમાં તેમજ પીશાબમાં જતી ધાત ત્રણ દિવસમાં મટે છે, નાનપણમાં ખોટી ટેવથી થયેલી કમજોરી નામર્દાઇ મટાડનાર ઉમદા ઇલાજ છે. અજીર્ણ વગેરે વ્યાધિ

મટાડે છે. પ્રદર તેમજ સ્ત્રીઓના ગમે તેવા ગુપ્ત રોગોની રામબાણ દવા છે. નબળી યાદદાસ્ત સુધારે છે. દરેક મગજનું કામ કરનાર માટે ઉત્તમ માત્રા છે. કીંમત શાશી એકના રૂ૦ ૧—૪—૦ **એજન્ટો જોઇએ છે.**

**ચંદ્રપ્રકાશ ઓફીસસુરત.**

---

# ચંદ્રપ્રકાશ ઓફીસમાં મળતી દવાઓ.

એગ્યુમીક્ષચર (દરેક જાતના તાવને મટાડનાર)

કીંમત—૦—૧૨—૦

પેનકીલર (પેટના તમામ દરદો સારાં કરનાર)

કીંમત. ૦—૧૨—૦

પરગેટીવપીલ્સ(જુલાબની ગોળીઓ) કીંમત૦—૮—૦

ઇયર ડ્રોપ્સ (કાનની દવા) કીંમત ૦—૪—૦

રોઝ ડ્રોપ્સ (આંખની દવા) કીંમત—૦—૪—૦

યુનીવરસલ બામ (માથાના દુઃખાવાને તરત મ-ટાડનાર) કીંમત—૦—૪—૦

ઇસ્ટર્ન શારીપ કીંમત—૦—૧૦—૦

ખસનો મલમ ડબ્બી એકની કીંમત—૦—૪—૦

દરાજનો મલમ ડબ્બી એક કીંમત—૦—૪—૦

ટુથ પાવડર ( હાલતા દાંત મજબૂત કરનાર )

કીંમત—૦—૨—૦

પંચરસ ચૂર્ણ શીશી એક કીંમત—૦૬—૦

કીનાઇનની ગોળીઓ શીશી એક ગોળી ૧૦૦

કીંમત—૧—૦—૦

સાચા મોતીનો સુરમો તોલા એકની શીશી

કીંમત—૧—૦—૦

આ પ્રમાણેની દવાઓ અમારે ત્યાં તૈયાર મલે છે. ઉપલી દવામાંથી એક ડઝન શીશી સાથે લેનારને ઘણા કીફાયત ભાવે આપવામાં આવે છે. વ્યાપારીઓને કમીશન કાપી માલ મોકલવામાં આવે છે. કોઇપણ દવાખાનુ કાઢનાર મનુષ્યે એક વખત અમારી દુકાનની મુલાકાત અવશ્ય લેવી. અને બીજી દુકાન કરતાં અમારે ત્યાં માલ

કીફાયત ભાવથી અને સારો મલતો હોય તોજ તે ખરીદ કરવો.

ઉપર જણાવેલી દવા સીવાય અમારે ત્યાં બીજી દરેક જાતની દવા છુટક તથા જથાબંધ વ્યાજબી કીંમતથી મળી શકે છે. એકવાર મુલાકાત લઇ ખાત્રી કરો.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.**

---

## એકસ્ટ્રેક્ટ ઓવ ઇંક ( સાહીનું સત્વ )

આ સાહીના સત્વની ચાર આનાની એક શીશામાંથી દોઢ શેર ઉત્તમ સાહી થાય છે. સાહી કરવાની રીત ઘણી સરળ છે, એક ખડીયામાં થોડું પાણી નાંખી તેમાં થોડાં ટીપાં નાંખવામાત્રથી સાહી તયાર થાય છે. સાહી પાકી થાય છે, અને તેના અક્ષરો ઝાંખા પડતા નથી. તે ભુસાતી કે ફુટતી નથી. અને ગુંથા ન થતા હોવાથી સ્ટીલપેન બગડતી નથી. આ સાહી ઘણી સારી

અને કીંમતમાં સસ્તી છે. **ન પસંદ પડે તો ફોડેલી શીશી અમે પુરી કીંમતે પાછી લઇએ છીયે.** લાલ તેમજ બ્લુ બ્લેક બે જાતની સાહીનું સત્વ આવી શકે છે. આ સાહી ઉત્તમમાં ઉત્તમ અને **સસ્તામાં સસ્તી છે.**

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત**

---

**બંધકોશનું યંત્ર** ( એનામા )

આ યંત્રનો ઉપયોગ કરવાથી ગમે તેવા બંધકોશ મટી જાય છે. તથા ઉત્તમ પ્રકારનું આરોગ્ય પ્રાપ્ત થાય છે. આ યંત્ર વાપરનારે ' બંધકોશ અને તેને ટાળવાના ઉપાયો ' એ નામનું બે આનાની કીંમતનું પુસ્તક અવસ્ય વાંચવું જોઇએ. આ યંત્ર પ્રસંગે કોઇને ઝાડો કે પેશાબ બંધ થઇ જાય છે તો તેવે પ્રસંગે પણ કામમાં આવે છે.

કીંમત

૪ પીન્ટ ટીનનું ૪—૦—૦

| | | |
|---|---|---|
| ૪ | પીન્ટ કાચનું | ૪—૮—૦ |
| ૬ | પીન્ટ ટીનનું | ૫—૦—૦ |
| ૬ | પીન્ટ કાચનું | ૬—૦—૦ |

એક પીન્ટ એટલે દોઢ શેર સમજવું. કાચનાં યંત્ર વિશેષ સફાઇવાળાં હોય છે. અને વિશેષ સ્વચ્છ રહી શકે છે.

આ યંત્રને માટે જોઇતી રબરની નળી તથા મેલ અને ફીમેલ પાઇપ છુટી પણ મળી શકે છે. પોષ્ટ તેમજ રેલવેથી મોકલી શકાય છે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત**

---

# ખાસ મહિસુરની સુગંધીદાર
## અગર બત્તી

જથાબંધ નહિ મંગાવનારને જે જાડી પાતળી સીલકમાં હશે તેજ મોકલાશે. એ આનાની પોષ્ટની ટીકેટો મોકલનારને તમામ જાતના સેમ્પલ મોકલી આપીયે છીએ. માઇસોરમાં તે જે નામથી ઓળખાય છે, તેજ નામ અત્ર પણ કા-

યમ શાખ્યાં છે. આ અગરબત્તી પ્રત્યેક મનુષ્યે અવસ્ય વાપરવા યોગ્ય છે.

નંબર એક શેર ની કીંમત રૂા૦ ૨૦—૦—૦

**૧ ગુલાબ કસ્તુરી સ્ટીકસ**

૧ જાડી એક શેરમાં ૫૦ થાય છે. અને જેમાંની એક અગરબતી લગભગ ચાર કલાક સુધી બળે છે.

૨ પાતળી એક શેરમાં ૧૦૦ ઉપર થાય છે. અને જેમાંની એક લગભગ બે કલાક સુધી બળે છે.

**આ અગરબત્તી માં ખાસ કસ્તુરીની વાસ આવે છે. અને તે અત્યંત પ્રીતિકર લાગે છે.**

**૨ ગુલાબ સ્ટીકસ રૂા. ૧૦—૦—૦**

( આમાં એક શેરમાં ૬૦ ઉપર આવે છે અને જે લગભગ અઢી કલાક સુધી પહોચે છે.

**૩ અગર સ્ટીકસ** એક શેરમાં ૭૫ ઉપર થાય છે. અને તે દોઢ કલાકને આશરે ચાલે છે.

૮—૦—૦

**૪ ચંદન સ્ટીક્સ** ૧—૮—૦

૧ લાબી એક શેરમાં ૨૪૦

૨ ટુંકી એક શેરમાં ૪૦૦

**૫ જાવાથ સ્ટીક્સ** ૧૨—૦—૦

૧ જાડી એક શેરમાં ૬૦

૨ પાતળી એક શેરમાં ૬૦૦

**૬ આથાબ સ્ટીક્સ** ૫—૦—૦

આ આગરબતી જ્યારે બળે છે ત્યારે ઉત્તમ સુવાસ આપે છે. એટલુંજ નહિ પણ વચમાં વચમાં આકર્ષક રીતે બળે છે.

**૭ ફ્રાઇન અંબર સ્ટીક્સ** એક હજાર ૧૨—૦—૦

આ અગરબત્તી દોરા જેટલી પાતળી છતાં લગભગ અર્ધોકલાક બળે છે. જે ભાગમાં તે સળગાવી હોય છે. તે ભાગની આસપાસ પોતાની સુગંધીમય સુવાંસ તે દૂર સુધી પ્રસારે છે

**૮ દરબાર સ્ટીક્સ** એક ડઝનના ૪—૦—૦

આમાંની એક અગરબત્તી લગભગ સાત આઠ કલાક સુધી બળે છે. અને તે એવા તો ઉ-

તમ સુવાસ પ્રસારે છે કે તે બળી રહ્યા પછી પણ તેની વાશ તે ભાગમાંથી જતી નથી.

| | | |
|---|---|---|
| **૯ પંગુઆ સ્ટીકસ** | એક શેરના | ૫—૦—૦ |
| **૧૦ પૂજા સ્ટીકસ** | ” | ૩—૦—૦ |
| **૧૧ અગર સ્ટીકસ(૨)** | ” | ૪—૦—૦ |
| **૧૨ આઉદ સ્ટીકસ** | ” | ૩—૦—૦ |
| ૧૩ ઓરડીનરી સ્ટીકસ | ” | ૨—૦—૦ |

ઉપરની આ જુદી જુદી અગરબત્તીમાં એક શેરમાં પચાસથી માંડીને એક હજાર સુધી આવે છે. તમે એક વખત આમાંથી કોઇપણ જાત વાપરશો તો તમને ભાગ્યેજ બીજી અગરબત્તી વાપરવાનુ મન થશે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત**

---

# ચંદ્રપ્રકાશ ઓફીસમાં વેચાતાં પુસ્તકો.

## ઇચ્છા પ્રમાણે આયુષ્યને દીર્ઘ કરવાની કળા.

આપણા સર્વ સુખનો આધાર આપણા જીવન-

ઉપર છે. અને તેથી જીવનને વધારે વખત લંબાવવું એ આપણી મુખ્ય ફરજ છે. આ પુસ્તકમાં જીવનને વધારવાના સર્વથી બની શકે તેવા નિયમો જણાવ્યા છે. અને તે પ્રત્યેક મનુષ્યે અવશ્ય વાંચવા યોગ્ય છે. આ પુસ્તક ખરીદ કરવાથી તમને કદી પણ પસ્તાવો થશે નહિ પણ લાભજ થશે. કીંમત માત્ર આના આઠ.

---

## પ્રાણાયામ.

પ્રાણાયામ સંબંધી સઘળી માહીતી સંક્ષિપ્તમાં આ પુસ્તકમાં વર્ણવી છે. આસનના પ્રકાર, વીગેરે સર્વ બાબતોનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાણાયામ શીખવા ઇચ્છનાર પ્રત્યેક મનુષ્યને આ પુસ્તક વાંચવા યોગ્ય છે. કીંમત માત્ર આના ચાર

---

## જ્ઞાનબોધક સચિત્ર વિષયો.

સુખપ્રાપ્તિ અર્થે શું કરવું, આરોગ્યપ્રાપ્તિનો રામબાણ ઉપાય વગેરે બીજા ૧૬ વિષયોનો સમા-

વેશ કરવામાં આવ્યો છે. પ્રત્યેક વિષય સચિત્ર આપવામાં આવ્યો છે. કીંમત માત્ર આના ચાર.

---

## સદ્બોધ સ્તવનાવળી.

આ પુસ્તકમાં જ્ઞાન, વૈરાગ્ય, અનુભવ, વગેરેના પદ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પ્રત્યેક પદ્ય નાટકના લયને અનુસાર બનાવેલું હોવાથી ઉછરતા યુવકોને આ પુસ્તક અત્યંત જરૂરનો પદાર્થ પૂરો પાડે છે. કીંમત આના ચાર.

---

## ધન પ્રાપ્તિનાં નવાં સાધનો.

ધન પ્રાપ્ત કરવાના કેટલાક નવા હુન્નર અને ઉદ્યમનો આ પુસ્તકમાં સમાવેશ કરવા પ્રયત્ન કર્યો છે. આ સીવાય ધનપ્રાપ્તિઅર્થે બીજા કયા કયા લક્ષણોની જરૂર છે તે પણ આ પુસ્તકમાં લખ્યું

છે. તેનની ઈચ્છા કરનાર દરેકને આ પુસ્તક વાંચવું જરૂરનું છે. કીંમત આના ચાર.

મળવાનું ઠેકાણું.
**પ્રભુશંકર નરભેરામ વ્યાસ.**
ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.

---

# અધ્યાત્મબલપોષક ગ્રંથમાળા.

## પ્રથમ અંક

**રચનાર શ્રીમન્ માસ્તર સાહેબ છોટાલાલ જીવનલાલ વ્યવસ્થાપક મહાકાલ.**

આ પુસ્તકમાં લખેલી ક્રિયાને આચારમાં મૂકવાથી નીચે પ્રમાણે લાભ થાય છે.

૧ સુખ કેમ પ્રાપ્ત કરવું તેનો ધોરી માર્ગ તે શિખવે છે, તથા તે માર્ગે ચાલવાનું બળ આપે છે.

૨ વ્યાવહારિક સુખો જેવાં કે ધન, પ્રજા, સન્મિત્રો વગેરે પ્રાપ્ત કરવાની કળાનું તે આચારમાં

મૂકી શકાય એવું જ્ઞાન આપે છે.

૩ ઔષધ વિના પોતાના તથા પારકાના વ્યાધિને ટાળવાનું તે સામર્થ્ય આપે છે.

૪ નીરોગ મનુષ્યને તે સ્થાઇ આરોગ્ય આપે છે.

૫ મનોબળ તથા બુદ્ધિબળ અત્યંત વધવાના દ્વારને તે ઉઘાડી આપે છે.

૬ વ્યવહારમાં તથા પરમાર્થમાં વિજય પ્રાપ્ત કરવાની અમોઘ કળાની સિદ્ધિને તે આપે છે.

૭ પૃથ્વીના સર્વ કાળના વિચારકો તથા તત્વજ્ઞાનીઓ પોતાના સ્વરૂપને જાણ, એજ સર્વ સુખોને આપનાર છે. ( know thyself ) એવો જે બોધ આપે છે, તે બોધને અનુભવમાં આણવાના અર્થાત્ પોતાના સ્વરૂપને જાણવાના વિધિમાં તે મનુષ્યનો પ્રવેશ કરાવે છે.

૮ ચમત્કારોના કારણોનું તથા રહસ્યનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન આપી પરિણામે તે સાધવાનું મનુષ્યને બળ આપે છે.

આ સિવાય બીજા અગણીત લાભ આ પુસ્ત-કમાં લખેલી ક્રિયા કરવાથી થાય છે. આ પુસ્ત-કનું પુંઠું સુંદર છીંટનું અને સુવર્ણ અક્ષરે અં-કિત છે. કીંમત માત્ર રૂ૦ ૧ એક.

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત**

---

## સૌભાગ્યશિક્ષાબ્ધિ

વડોદરા રાજ્યની કેળવણી શાળાઓ તથા લાયબ્રેરી અને ઇનામ માટે મંજુર થયેલ આ પુસ્તક સ્ત્રીઓ-એ ખાસ કરી વાંચવાયોગ્ય છે. સ્ત્રીધર્મ વાર્તાના તેમ જ જુદા પ્રકરણોના રૂપમાં આ પુસ્તકમાં ઘણી સારી રીતે વર્ણવવા પ્રયાસ કર્યો છે. કીંમત રૂ. ૧।

**ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.**

---

# ખાસ ઘટાડેલી કીંમતે આપવાનાં કેટલાંક પુસ્તકો.

## પ્રેમની આહુતી. અજય લક્ષ્મી

મેવાડના પ્રખ્યાત વીર પ્રતાપના શરાતનની એ-

તિહાસીક નવ લકથા. પાકું પુંઠું મુળ કીંમત રૂ૦ -૧-૮-૦ ઘટાડેલી કીંમત રૂ૦-૧-૦-૦

**વિશ્વરંગ** જૂદી જૂદી ઐતિહાસિક પ્રેમ. ધર્મ, નીતિ, વગેરેના ઉત્તમ દ્રષ્ટાંતોની પાંચ નવલકથા. કીંમત ૦-૧૨-૦ ઘટાડેલી કીંમત-૦-૯-૦

**વસંતકુમારી** સંસાર અને સ્વર્ગના વિવિધ ધર્મ સ્વરૂપ સમજાવી સમાજના નીતિ નિયમો સમજાવ નારી નવલકથા મુળ કીંમત ૦-૧૨-૦ ઘટાડેલી કીંમત ૦-૧૦-૦

**જુલીયા. દલિયા** મુસલમાની જનાનાના પ્યારનાં નવલાં ચિત્રો. કીંમત-૦-૧૨-૦ ઘટાડેલી કીંમત ૦-૯-૦

**મરિયમ** દીલ્લીના એક પવિત્ર મુસલમાની પતિવ્રતાનું અલૌકિક પ્રેમચરિત્ર. સંસારની કુટીલતાનો એક વિચિત્ર પટ. એમ. એ. જનાનાના લખનારના હાથે લખાયલી. નવલ કથા. મુળ કીંમત-૧-૦-૦ ઘટાડેલી કીંમત-૦-૧૨-૦

**શુકનપ્રભા ચરિત્ર.** એક આર્યાપતિવ્રતા-નો પ્રતાપ બતાવનારૂં અલૌકિક રસ ભરેલું કરણ ઘેલાની પદ્ધતિનું નોવેલ. પાકુ પુંઠું સોનેરી નામ સાથે. મૂળ કીંમત ૧–૮–૦ હાલ કીંમત ૧–૦–૦ ૩૫૦ પૃષ્ઠ.

**જ્ઞાનોપદેશ માળા.** બ્રહ્મ, સુખ, દુઃખ, સંસાર. સમાજ વિગેરે. માનવમાત્રના જ્ઞાતવ્ય વિષયોનો અપૂર્વ સંગ્રહ. મૂળ કીંમત ૧–૦–૦ ઘટાડેલી કીંમત ૦–૮–૦

**આત્મદિપિકા** આત્મજ્ઞાનના રહસ્ય. જીવ શિવનો પ્રભેદ, અને અભેદ, તેમજ વર્તમાન અને ભવિષ્યનો લેખ. મૂળ કીંમત ૨–૦–૦ ઘટાડેલી ૦–૧૨–૦

**કુંવારી કન્યા** આધુનિક સંસારનું તાદશ ચિત્ર આંકનારી નવલકથા. સુપ્રસિદ્ધ કવિ ભવાનીશંકરની લખેલી. રૂ. ૧–૪–૦ ઘટાડેલી કિંમત ૦–૮–૦

**નેપોલીયન બોનાપાર્ટનું જીવનચરિત્ર** મૂળ કિંમત ૧–૪–૦ ઘટાડેલી કિંમત ૦–૧૨–૦

**યુનાઇટેડસ્ટેટ્સની લોકસ્થિતિ.** અમેરિકાના મુખ્ય યુનાઇટેડ સ્ટેટસની માહીતી આપનાર અત્યુત્તમ ગ્રંથ. મૂળ કિંમત. ૧–૦–૦ ઘટાડેલી કિંમત ૦–૧૨–૦

**ઉપરનાં સઘળાં પુસ્તકોનું પોષ્ટેજ જુદું**

**ચંદ્રપ્રકાશ ઓફીસ. સુરત.**

---

## ખેડુતના કાયદાનો ખુલાસો.

સાહુકાર તેમજ ખેડુત બંનેને એક સરખા રીતે ઉપયોગી પુસ્તક કિંમત રૂ૦ ૨–૦–૦

---

## રાજા રવિવર્માના લોકપ્રિય ચિત્રો

રાજા રવિવર્માના ચિત્રોથી કોઇ મનુષ્ય ભાગ્યેજ અજાણ્યુ હશે. તેમનાચિત્રો ઘણી ભારે કીંમતે મળતા હોવાથી સાધારણ ગરીબ વર્ગના મનુષ્યો તેનો લાભ લઇ શક્તા નથી. આથી આ આલબમમાં રવિવર્માનાં ચિત્રેલાં પ્રસિદ્ધ ૮૧ ચિત્ર આપવામાં

આવ્યાં છે. અને તે પ્રત્યેક મનુષ્યે અવસ્ય પોતાની લાયબ્રેરીમાં રાખવાયોગ્ય છે. કીંમત માત્ર રૂા૦ ૧—૦—૦

## ચિત્રયુક્ત મૂળાક્ષરો પાનાં.

રમતની સાથે શબ્દોનું જ્ઞાન નાના બાળકોને ખાસ ઉપયોગી. કીંમત ચાર આના.

**સૂચના:**—આ સિવાય અમારે ત્યાં દરેક વર્ષના ગુજરાતી પ્રેસ તથા મુંબઇ સમાચારના પંચાગો. ડાયરીબુકો. તેમજ શ્રીશ્રેયસ્સાધક અધિકારી-વર્ગના તમામ પુસ્તકો સસ્તુસાહિત્ય વર્ધક કાર્યાલયના પુસ્તકો વગેરે મળી શકે છે. તેમજ બીજા પરચુરણ ધર્મ, નિતિ વેદાંત વગેરેના પુસ્તકો પણ વ્યાજબી ભાવથી મળશે.

**ચંદ્રપ્રકાશ ઓફીસ. સુરત**

# ખાસ નેપાળની રુદ્રાક્ષનાં સાચી માળાઓ. ગુજરાત, કાઠિયાવાડ, અને દક્ષીણમાં રૂદ્રાક્ષની સાચી માળાની મોટામાં મોટી ઓફીસ.

**રૂદ્રાક્ષની ઉત્પત્તિ** ભગવાન સનત્કુમારને એક વખત કાત્યાયન સ્વામીએ પૂછ્યું હતું કે રૂદ્રાક્ષની ઉત્પત્તિ ક્યાંથી થઇ ! તેના જવાબમાં ભગવાન્ સનત્કુમારે નીચે પ્રમાણે જણાવ્યું.

ત્રિપુરાસુર નામનો એક દૈત્ય હતો તે પૃથ્વીના મનુષ્યો તથા દેવ વગેરેને ઘણું દુઃખ દેતો હતો. આથી દેવ ઘણા પીડા પામી શ્રીમહાદેવજીને શરણે ગયા અને તેમની અત્યંત સ્તુતિ કરી. આથી શ્રીમહાદેવજી પ્રસન્ન થયા અને ત્રિપુરાસુરને યુદ્ધમાં હરાવી મારી નાંખ્યો. આવખત મહાદેવજીના નેત્રમાંથી એક તેજોમય બીંદુ જમીનઉપર પડ્યું હતું તેમાંથી રૂદ્રાક્ષ વૃક્ષની ઉત્પત્તિ થઇ હતી.

**રૂદ્રાક્ષની માળા સર્વથી શ્રેષ્ઠ છે.** સુવર્ણ, સ્ફટીક, પ્રવાલ, તુલસી, મોતી, પદમાક્ષ વગેરેની માળાઓ કરતાં રૂદ્રાક્ષની માળા પહેરવી અત્યંત શ્રેષ્ટ છે. એમ કાલિકાપુરાણમાં જણાવ્યું છે અને તેનો ઉતારો રૂદ્રાક્ષમાળા વિજયપતાકામાં આવ્યો છે.

## રૂદ્રાક્ષની માળાના લાભ.

**फलस्य दर्शने पुण्यं, स्पर्शात्कोटी गुणं भवेत.**
**शत कोटी गुणं पुण्यं, धारणा लभते नरः ॥**

**रुद्राक्षमाळा विजयपताका**

**અર્થ**—રૂદ્રાક્ષની માળાનું દર્શન કરવાથી અર્થાત જોવાથી પુણ્ય થાય છે. તેનો સ્પર્શ કરવાથી તેનાથી કોટી ઘણું પુણ્ય થાય છે. અને તેને ધારણ કરવાથી તથા જાપ કરવાથી સો કોટી પુણ્ય પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે હોવાથી રૂદ્રાક્ષની માળાની પ્રત્યેક મનુષ્યને જરૂર છે.

**નંબર.**

## ૧૦૮ મણકાની એક માળાની કીંમત.

| | | |
|---|---|---|
| ૧૬ | બોર, જેટલા મણકા. | ૦—૩—૦ |
| ૧૫ | એથી સહજ નાના મણકા. | ૦—૬—૦ |
| ૧૪ | ચણી બોરથી સહજ મોટા મણકા. | ૦—૮—૦ |
| ૧૩ | ચણી બોર જેવા મણકા. | ૦—૧૨—૦ |
| ૧૨ | એથી સહજ નાના મણકા. | ૧—૦—૦ |
| ૧૧ | એથી પણ સહજ નાના મણકા. | ૧—૮—૦ |
| ૧૦ | ચણા જેટલા મણકા. | ૨—૦—૦ |
| ૯ | એથી સહજ નાના મણકા. | ૨—૮—૦ |
| ૮ | તુવેર જેટલા મણકા. | ૩—૮—૦ |
| ૭ | એથી સહજ નાના મણકા. | ૫—૦—૦ |
| ૬ | એથી પણ સહજ નાના મણકા. | ૬—૦—૦ |
| ૫ | એનાથી પણ સહજ નાના. | ૮—૦—૦ |
| ૪ | મોટા મરી જેવા મણકા | ૧૦—૦—૦ |
| ૩ | એથી સહજ નાના મણકા | ૧૨—૦—૦ |
| ૨ | એથી પણ સહજ નાના મણકા | ૧૪—૦—૦ |

૨ જીઆ મરી જેવા મણકા ૧૬—૦—૦

ફેરવવાને, પહેરવાને, તથા સોનામાં ગંઠાવવા આ માળાઓ સર્વોત્તમ છે. હાથમાં રાખવાના ૨૭ મણકાના બેરખા માત્ર ૦—૨—૦માં આપવામા આવે છે. અમારી માળાઓ ખોટી છે એમ ઠરે તે અમે પૈસા પાછા આપવાને બંધાઈએ છીએ. ઘણા મનુષ્યો કાશીથી માળા મંગાવે છે. અને પ છીથી પસ્તાય છે. કારણ કે તે તેમને મોંઘી પ છે અને માલ ગમે તેવો આવે છે. અમારો માલ ઘણો સારો અને ભાવમાં સસ્તો છે. કારણકે અમે મોટા જથ્થામાં બારોબારથી માલ મંગાવીયે છીએ. જથાબંધ મંગાવનારને તથા અમારી માળાઓ ખપાવનારને સારૂ કમીશન આપવામાં આવે છે.

**એક વખત નજરે જોવા વિનંતિ છે.**

**ચંદ્રપ્રકાશ ઓફીસ, સુરત.**